@kkm1940 www.kkmtrust.org

કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 K.K.M
શિક્ષા • સંસ્કાર • સેવા • સહયોગ

Affordable Education For All

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

અંક નં. ૭૭
વર્ષ ૨૦૨૪-૨૫

સ્થાપના વર્ષ - ૧૯૪૦

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

ગુજરાતના મુખ્ય સચિવના હસ્તે પ્રવેશોત્સવ

માણેકલાલ દેસાઈ કિશોર મંદિરમાં રાજ્યના મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાનો પ્રવેશોત્સવ યોજાયો







તા.૨૮/૬/૨૦૨૪ ને શુક્રવારના રોજ કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી મા.દે.કિશોર મંદિર શાળામાં રાજ્યના માનનીય મુખ્ય સચિવશ્રી રાજકુમારના હસ્તે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. આ પ્રવેશોત્સવમાં શાળામાં પ્રવેશ લઈ રહેલા ભૂલકાઓને શૈક્ષણિક કીટ આપી આવકારવામાં આવ્યા હતા. વર્ષ દરમિયાન વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આ પ્રસંગે સન્માનવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓના આવકારના આ કાર્યક્રમમાં મુખ્ય સચિવશ્રીની સાથે કપડવંજ નાયબ કલેક્ટરશ્રી અનિલભાઈ ગોસ્વામી, જીલ્લા શિક્ષણાધિકારીશ્રી રાવલ, જિલ્લાના તેમજ તાલુકાના અધિકારીશ્રીઓ, મંડળના પ્રમુખશ્રી ડૉ. હરીશભાઈ કુંડલીયા સહિત મંડળના હોદ્દેદારશ્રીઓ તેમજ વાલીમિત્રો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના અંતે સચિવશ્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. માણેકલાલ દેસાઈ કિશોર મંદિરની SMC સમિતિ તથા મંડળના હોદ્દેદારશ્રીઓ સાથે તેમણે નાનો વાર્તાલાપ કર્યો હતો. કાર્યક્રમના અંતે મુખ્ય સચિવશ્રીએ મંડળ અને શાળાએ કરેલા કાર્યોથી પ્રભાવિત થઇ તમામને અભિનંદન પાઠવ્યા હતા.

GCERT એક્સપર્ટ ધ્વારા ટીચર્સ તાલીમનું આયોજન



ગુજરાત સરકારે ૨૦૨૦ માં નવી શિક્ષણ નીતિની જાહેરાત કરી ત્યારથી કપડવંજ કેળવણી મંડળે પોતાના શિક્ષકોને સુસજ્જ કરવાના પ્રયાસો શરુ કરી દીધા છે. મંડળ છેલ્લા 3 વર્ષથી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ના નિષ્ણાતો દ્વારા ૨ દિવસીય શિક્ષક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પૂર્વ પ્રાથમિકથી ધોરણ 8 ના 96 શિક્ષકો તાલીમમાં ભાગ લીધો. તાલીમમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 માં જણાવેલ કૌશલ્યો પર ભાર મૂકવામાં આવ્યો છે. અધ્યયન નિષ્પત્ત (Learning Outcomes) આધારિત શિક્ષણમાં શિક્ષકો વિદ્યાર્થીઓના શીખવાના માપદંડના તબ્બકા સ્પષ્ટ માપી અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે છે. વર્ગખંડમાં વિવેચનાત્મક વિચારસરણી આધારિત શિક્ષણને પ્રોત્સાહન અપાય છે. જેના કારણે વિદ્યાર્થીઓ નિષ્ક્રિય રીતે માહિતી મેળવવાને બદલે સક્રિયપણે પ્રશ્નો, વિશ્લેષણ અને સમસ્યાઓનું નિરાકરણ કરે છે. આ તાલીમમાં શિક્ષકોએ હોમવર્ક કેવી રીતે ડિઝાઇન કરવું એ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. ગોખણ પદ્ધતિને બદલે સર્જનાત્મકતાને પ્રોત્સાહન મળે એવું શિક્ષણ અપાય છે. આ અભિગમ વિદ્યાર્થીઓને 21મી સદીના કૌશલ્યો માટે નિર્ણાયક જ્ઞાનની ઊંડી સમજ આપે છે.

આ તાલીમ સુનિશ્ચિત કરે છે કે કપડવંજ કેળવણી મંડળના શિક્ષકો હવે તેમના વર્ગખંડોમાં NEP ના પરિવર્તનાત્મક વિઝનને અમલમાં મૂકવા (સુસજ્જ છે) માટે સારી રીતે તૈયાર છે. શીખવાના પરિણામો, જટિલ વિચારસરણી, સર્જનાત્મક હોમવર્ક અને વિષય એકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ તાલીમ શિક્ષકોને વિદ્યાર્થીઓની સંલગ્નતા અને સિદ્ધિ વધારવા માટે સજ્જ કરશે તેવું નિષ્ણાતોનું માનવું છે.

રાજ્ય કક્ષાની સુબ્રટો મુખર્જી કપમાં ફૂટબોલ ટીમ વિજેતા



સુબ્રોટો મુખરજીકપ અંડર ૧૭ ભાઈઓની રાજ્ય કક્ષાની ફૂટબોલ સ્પર્ધા નિકોલ, અમદાવાદ ખાતે યોજાયેલ હતી. જેમાં ખેડા જિલ્લામાંથી વિજેતા બની શ્રી સી. એન. વિદ્યાલય (DLSS) નાં ખેલાડીઓએ ખૂબ જ સારૂ પ્રદર્શન કરીને રાજ્ય કક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે હવે આ ટીમ દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ લેવલે ભાગ લેવા જશે.

રાજ્ય કક્ષાની ખેલ મહાકુંભ અંડર ૧૪ ફૂટબોલ સ્પર્ધામાં DLSSની ફૂટબોલ ટીમ રનર્સઅપ



ગુજરાત સરકાર રમત ગમત વિભાગ અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત આયોજિત ખેલ મહાકુંભમાં અંડર ૧૪ બહેનોની રાજ્ય કક્ષાની ફૂટબોલ સ્પર્ધા હિમતનગર ખાતે યોજાઈ હતી, જેમાં ખેડા જિલ્લામાંથી વિજયી બની શ્રી સી.એન.વિદ્યાલય (DLSS)ના ખેલાડીઓ એ ખૂબ જ સારૂ પ્રદર્શન કરી રાજ્ય કક્ષાએ બીજુ સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ સિદ્ધિ બદલ કેળવણી મંડળના તમામ હોદેદારોએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરની સિદ્ધિઓ

"નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા"માં માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના વિદ્યાર્થીઓ ફરી એકવાર ઝળક્યા

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૮ ના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિ પરીક્ષા "નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા" (NMMS) માં સમગ્ર ખેડા જિલ્લામાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી મા.દે.કિશોર મંદિર શાળાના સૌથી વધુ ૧૧ વિદ્યાર્થીઓ મેરિટમાં સ્થાન પામ્યા છે. આ વિદ્યાર્થીઓને નિયમોનુસાર ચાર વર્ષ સુધી માસિક ૧૦૦૦ રૂપિયા એમ પ્રત્યેક વિદ્યાર્થીને કુલ ૪૮૦૦૦ રૂપિયા મળીને ૧૧ વિદ્યાર્થીઓ ૫,૨૮,૦૦૦ રૂપિયા શિષ્યવૃત્તિ મેળવશે. મેરીટમાં સ્થાન પામેલ દરેક વિદ્યાર્થીઓને શાળા પરિવારવતી અભિનંદન પાઠવ્યા હતા. અહીં નોંધનીય છે કે છેલ્લા છ વર્ષથી કપડવંજ તાલુકામાં શાળા અગ્રેસર રહી છે અનેભવિષ્યમાં પણ આજ રીતે પ્રગતિ કરે તેવી આશા છે.

ગુરુપૂર્ણિમાની ઉજવણી



ગુરુ વિના જ્ઞાન નથી,
જ્ઞાન વિના આત્મા નથી,
ધ્યાન, જ્ઞાન, સંયમ, અને કર્મ
બધું જ ગુરુની ભેટ છે.....

એસ. સી. દાણી સ્કુલમાં ગુરુપૂર્ણિમા ઉજવણી પ્રસંગે ધોરણ-1 થી 12 ના તમામ શિક્ષકોનું ડ્રમના તાલ સાથે પુષ્પવર્ષા કરી કુમકુમ તિલક સ્વાગત કરવામાં આવ્યું. વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત અભિનય સાથે ગીત રજૂ કરવામાં આવ્યા. ધોરણ-9 ના વિદ્યાર્થીઓ ગુરુનો મહિમા દર્શાવતું ગીત રજૂ કરી ગુરુ અને શિષ્ય પ્રત્યેના આદર, સન્માન, સત્કાર સાથે ગુરુપૂર્ણિમાની ઉત્સાહભેર ઉજવણી કરી.



પૂર્વ પ્રાથમિક વિભાગમાં પ્રવેશઉત્સવની ઉજવણી







પૂર્વ પ્રાથમિક વિભાગમાં ગૌરીવ્રત દરમ્યાન વિવિધ ઉજવણી





જીવનને સાર્થક કરનાર ગુરુનું ઋણ અદા કરવાનો દિવસ એટલે ગુરુપૂર્ણિમા...
બાળકો ભારતીય પરંપરાથી અવગત થાય અને ગુરુપૂર્ણિમાના આ પાવન પર્વનું મહત્વ સમજે તે હેતુથી ત્રણેય પ્રિ. પ્રાયમરીમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન દિવસે બાળકો લાગણી સભર બની આચાર્યશ્રી તેમજ પોતાના વર્ગ શિક્ષકનું પૂજન કરી, પુષ્પ આપી ગુરુજનોને સન્માનિત કર્યા હતા અને તેમને પ્રણામ કરી આશીર્વાદ મેળવ્યા હતા.

ગૌરી વ્રતમાં વિવિધ ઊજવણી



રંગો સંવેદનાઓ અને લાગણીઓ વ્યક્ત કરે છે તેથી રંગો આપણા મન પર સીધી અસર કરે છે. રંગો વિજ્ઞાન, સાહિત્ય અને શાસ્ત્રો સાથે જોડાયેલા છે. માટે રંગો અભ્યાસનો વિષય છે. શુભ પ્રસંગોમાં લાલ રંગનો ઉપયોગ વધારે થાય છે. લાલ રંગ બાળકોની આંખોને આકર્ષે છે તેથી બાળકોમાં પ્રિય છે. શાળાના નાના ભૂલકાઓને લાલ રંગ વિષે વિસ્તૃત માહિતી અને ઓળખ આપવામાં આવી.





પૂર્વ પ્રાથમિક વિભાગમાં રથયાત્રાની ઉજવણી

શ્રી જડાવબા શિશુ કેન્દ્રમાં રથયાત્રાનું આયોજન તેમની શાળાના પ્રાર્થના હોલમાં કરવામાં આવ્યું. જેમાં શાળાના આચાર્ય, શિક્ષકો તેમજ બાળકો દ્વારા બાળ ગોપાલની આરતી કરવામાં આવી હતી. બાલ મંડળે વાજિંત્રોના તાલે રથયાત્રાનું પ્રસ્થાન કર્યું. બાળકો આનંદમાં આવી નાચી ઉઠ્યા.





એમ.વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ તેમજ શ્રી સ્પંદન બાલમંદિરના સમન્વયથી રથયાત્રાનું સુંદર આયોજન કપડવંજ કેળવણી મંડળ સૂર્યકાન્ત ચંદુલાલ દાણી કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. શિક્ષકોએ બાળકોને રથયાત્રાનું મહત્વ સમજાવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે બાળકો સુંદર તૈયાર થઈને આવ્યા હતા. નાની બાળાઓ માથે કળશ લઈને રથયાત્રાની શોભાયાત્રામાં જોડાઈ હતી. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથે રથમાં બેસીને કેળવણી મંડળના કેમ્પસમાં નાના બાળકો સાથે ફરવા નીકળ્યા હતા. બાળકોએ જય જગન્નાથના નારા લગાવી આખું વાતાવરણ ધાર્મિક બનાવી દીધું હતું. શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કુલના ધોરણ ૧ અને ૨ વિદ્યાર્થીઓ પણ શોભાયાત્રામાં જોડાયા.

કેમ્પસની શાળાઓ તથા કપડવંજ કેળવણી મંડળના કર્મચારીઓએ દર્શનનો લાભ લીધો. પરંપરાગત જાંબુ, કેરી, મીસરી, મગ, કાકડીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

વાત્સલ્ય મિલન મીટીંગ અને વૃક્ષા રોપણ



વર્ષ ૨૦૨૪-૨૫ની પૂર્વ પ્રાથમિક વિભાગની પ્રથમ સત્રની પ્રથમ વાત્સલ્ય મિલન (વાલી મીટીંગ)નું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૮૦% થી વધુ વાલી ઉપસ્થિત રહ્યાં. બાળકો તથા વાલીની અને શ્રી જડાવબા શિશુ કેન્દ્રના શિક્ષકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું. વાલીને વૃક્ષો ઉછેરવા છોડવા ભેટ આપવામાં આવ્યા.



શ્રી સ્પંદન બાલમંદિરમાં નવા સત્રની શરૂઆતમાં પ્રથમ વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના આચાર્યાશ્રી દ્વારા શાળાને લગતા નિયમો તેમજ બાલમંદિરમાં થતી અભ્યાસેતર પ્રવૃત્તિઓની માહિતી PPT દ્વારા આપવામાં આવી હતી. શાળાના શિક્ષકો દ્વારા વિષય વાર સાધનોથી સિલેબસ સમજાવવામાં આવ્યો હતો. વાલી મીટીંગમાં ૯૦% થી વધુ વાલી ઉપસ્થિત રહ્યા હતા.

સ્પંદન બાલમંદિરના બાળકોની નગર સેવા સદનની મુલાકાત



શ્રી સ્પંદન બાલમંદિરના બાળકોને કપડવંજ નગર સેવા સદનની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતાં. ત્યાં દરેક વિભાગ શું કાર્ય કરે છે તે વિશે કર્મચારીઓએ બાળકોને સમજણ આપી હતી. કપડવંજ નગરના પ્રમુખશ્રી સાથે તેમની જ ઓફિસમાં બાળકોએ બેસી મુલાકાત કરી તેમની કાલી ઘેલી ભાષામાં પ્રશ્નોત્તરી કરી હતી. આજ રોડની બાજુમાં આવેલ બેંક ઓફ બરોડા તથા L.I.C. ની ઓફિસ તેમજ સામે આવેલ કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્રની માહિતી આપી હતી. ત્યારબાદ બાળકોને ફાયર સ્ટેશનની પણ મુલાકાત કરાવી હતી. ત્યાંના સ્ટાફે આગ ઓલવવા માટેનો પ્રત્યક્ષ ડેમો આપ્યો. આ ફાયર સ્ટેશન પર સ્થિત વિવિધ સાધનો જેવા કે એમ્બ્યુલન્સ, J.C.B મશીન વગેરેની માહિતી આપી હતી.